# આજે શહેરમાં ઈદની ઉજવણી

## એક માસ સુધી રોઝા રાખી આકરી બંદગી કરનાર મુસ્લિમ બિરાદરો ઈદની ઉલ્લાસભેર ઉજવણી કરશે




ગાંધીનગર, તા.૬

સમગ્ર રમઝાન માસ દરમિયાન રોઝા રાખી આકરી બંદગી કરનાર મુસ્લિમ બિરાદરો રમઝાન માસ પૂર્ણ થતા આવતીકાલે તા. ૭મી જુલાઈના રોજ ઈદ-ઉલ-ફીત્ર (રમઝાન ઈદ)ની ભવ્ય ઉજવણી કરશે. સવારે ૮.૩૦ કલાકે ચરેડી ઈદગાહ અને સવારે ૯.૦૦ વાગે સેકટર-૨૧ની મસ્જિદ ખાતે ઈદની નમાઝ અદા કરવામાં આવશે.

છેલ્લા એક મહિનાથી મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ખુદાની બંદગી કરી રહ્યા છે. વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી અન્ન-પાણીનો ત્યાગ કરી સમગ્ર માસ દરમિયાન મુસ્લિમ ભાઈ-બહેનો ઈબાદતમાં વ્યસ્ત રહે છે. રોઝા રાખવાની સાથે જ કુરાન પઠન અને રાત્રીના સમયે અદા કરાતી તરાવીહની ખાસ નમાઝનું આ માસ દરમિયાન ખુબ મહત્વ હોય છે. ગરીબો અને જરૂરીયાતમંદોને અનાજનું દાન આપવામાં આવે છે. આ ઉપરાંત મુસ્લિમો પોતાની આવકમાંથી અમુક હિસ્સો ઝકાત સ્વરૂપે કાઢી ગરીબોને વહેંચે છે. જેથી જરૂરીયાતમંદો-ગરીબો પણ ઈદની ઉજવણી કરી શકે.

સમગ્ર માસ દરમિયાન આકરી બંદગીમાં વ્યસ્ત રહેનાર મુસ્લિમ બિરાદરોમાં ઈદની ઉજવણીનો ખાસ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઈદની નમાઝની સાથે જ ઉજવણીનો પ્રારંભ થશે. બે થી ત્રણ દિવસ ઉજવણી ચાલશે. હરવા ફરવાના સ્થળોએ અને સિનેમાઘરો તથા હોટલ-રેસ્ટોરન્ટમાં પણ ભારે ભીડ જામશે.

## @ગાંધીનગર

● ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સે-૨૨ ખાતે સાંજે ૫.૦૦ વાગે યોજાશે.

### સે-૧૭માં પરંપરાગત રીતે રથયાત્રાનું ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૬

વર્ષો વર્ષની જેમ આ વર્ષે સવારે સાડા સાત વાગે રથયાત્રાનો સેકટર-૧૭માં પ્રવેશ થયો ત્યારે સે-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળ તરફથી રથયાત્રાને 'જય રણછોડ માખણ ચોર'ના નારાથી વધાવી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સે-૧૭ વસાહત મંડળ અને વેપારી મંડળના પ્રમુખશ્રી રજુજી બી. ગોલ, ઉપપ્રમુખશ્રી સમીરભાઈ પંડિત (તેજ ઓપ્ટીકલ્સ) મંત્રીશ્રી રમેશભાઈ વાળંદ, વેપારી આગેવાનશ્રી મુકુંદભાઈ સુખડિયા, પોખરાજ મિસ્ત્રી, યુવરાજસિંહ ઉદાવત વગેરેએ ફુલહારથી ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે વિશાળ જમુદાય પણ હાજર રહેલ. સેકટરની બાળાઓએ ટ્રેડિશનલ ડ્રેસ સાથે માથે કળશ રાખી પરંપરા જાળવી હતી. સે-૧૭ વેપારી મંડળ તરફથી જાંબુ, મગ અને કાકડીના ૪૦ કિલોગ્રામ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### આર.એન.પટેલ શાળા ખાતે પ્રવેશોત્સવ અને વાલી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૬

આર.એન.પટેલ શાળામાં ધોરણ-૧ અને ૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની વાલીમીંટીગ અને પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રવેશોત્સવ અંતગર્ત શાળામાં અભ્યાસ કરતી બાળાઓ દ્વારા નાના બાળકોને કંકુતિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્રિએટીવઝોન દ્વારા દરેક બાળકને ચોકલેટ આપવામાં આવી હતી. પ્રાર્થના તેમજ શ્લોક દ્વારા મીંટીગની શરુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ૪૦ સંખ્યામાં નાના બાળકોએ સુંદર ડાન્સ રજુ કર્યો હતો. વાર્તા, બાળગીત, વગેરે કૃતિઓ રજુ કરી હતી. બાદમાં શાળાના આચાર્ય એ બાળકોના સર્વાંગી વિકાસ અને સ્કુલના નિયમો તેમજ શિસ્ત અંગે ખુબ જ રસપૂર્ણ માહિતિ વાલીઓને સમજાવી અને શાળાના વાર્ષિક આયોજન વિશે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યના હસ્તે પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને પાઉચ, પેન્સિલ,રબર, સાર્પનર, માપપટ્ટીની કીટ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. જયારે વાલીઓએ આપેલ સુચનો સ્વીકારવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નીતાબેન અને મેઘાબેને કર્યું હતું.

### અવસાન નોંધ

ગાંધીનગર સેકટર-૨૨ ખાતે વસવાટ કરતા દિલિપકુમાર જોખાકરના ધર્મપત્ની સ્વ.દક્ષા દિલિપકુમાર જોખાકરનું તાજેતરમાં અવસાન થવા પામ્યુંછે. સદગતનું બેસણું સેકટર-૨૨ આનંદવાટીકા સોસાયટી પ્લોટ નં-૨૦૪ જૈન દેરાસર સામે સાંજે ૫ થી ૭ કલાક દરમિયાન રાખવામાં આવ્યું છે.

# રથયાત્રા સામાજિક સમરસતાનું મહાપર્વ છે : રાજયપાલશ્રી

## અડાલજ ખાતે ભગવાન જગન્નાથના ભકિતભાવ પૂર્વક દર્શન કરતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૬

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ શ્રી જગન્નાથ કલ્ચરલ એકેડમી એન્ડ રીચર્સ સેન્ટર, અડાલજ ખાતે ભગવાન જગન્નાથજીના ભકિતભાવ પૂર્વક દર્શન કર્યા હતા. આ પ્રસંગે રાજયપાલશ્રીએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભકતજનોને સંબોધતા જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની રથયાત્રા ઓરિસ્સાના પુરી ખાતે અને ગુજરાતમાં અમદાવાદ સહિત અનેક સ્થળોએ ખૂબ જ શ્રધ્ધા અને ભકિતના અનેરા માહોલમાં દરેક જ્ઞાતિના લાખો લોકો ઉમંગથી જોડાય છે. રથયાત્રા સામાજિક સમરસતાનું મહાપર્વ છે. ધાર્મિક યાત્રાઓના માધ્યમથી સમાજ અને દેશની એકતા વધુ મજબૂત થાય છે તેમ જણાવી રથયાત્રાના તહેવાર પ્રસંગે તેમણે શુભકામનાઓ પાઠવી હતી. આ સંસ્થા દ્વારા યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટનું કામ કરવામાં આવે છે તે ઘણું પ્રશંસનીય છે.



આ પ્રસંગે ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવેએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે પુરીના જગન્નાથજીના મંદિર જેવું આ મંદિરનું નિર્માણ થયેલ છે. આ મંદિર ખાતે સાત દિવસ સુધી આસપાસના રહીશોને ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ મળશે.

જે.સી.એ.આર.સીના ચેરમેન અને નિવૃત્ત સનદી અધિકારી શ્રી એસ.કે.નંદા તથા વાઈસ ચેરમેન મહેશ્વર સાહુએ સ્વાગત પ્રવચન કર્યા હતા. આ પ્રસંગે રાજયપાલશ્રીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ સહિત વિશાળ સંખ્યામાં ભકતજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વચ્છતા અભિયાનથી રથયાત્રાનું સ્વાગત



ગાંધીનગર, તા.૬

ભારત વિકાસ પરિષદ, ગાંધીનગર દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું સ્વાગત સ્વચ્છતા અભિયાનથી કરવામાં આવ્યું હતું. રથયાત્રા પસાર થયા પછી માર્ગ ઉપર પ્લાસ્ટીકના ગ્લાસ, નાસ્તાની ડીશ,પાણીન પાઉચ વગેરે છવાઈ જાય છે. સંસ્થાના સભ્યો દ્વારા આ બધો જ કચરો સાફ કરીને ઘ-૨ થી સે-૭ શોપીંગ સેન્ટર સુધીનો લગભગ ૨ કિમી જેટલો માર્ગ ચોકખોચણાક કરી નાખવામાં આવ્યો હતો. સંસ્થાનું આ ઉમદા કાર્ય જોઈને ઘણા નાગરિકો તેમજ સેવા કેદ્રના ભકતો પણ આ સફાઈ અભિયાનમાં જોડાઈ ગયા હતા કચરો વીણવા માટે લોખંડના સળિયા તેમજ કચરો ભરવા માટે પ્લાસ્ટીકની બેગો ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા પુરી પાડવામાં આવી હતી તે માટે ભારત વિકાસ પરિષદ ગાંધીનગર મહાનગર પાલિકાનો પણ ખૂબ આભાર માને છે.

# ચરેડીના ૧૯ વર્ષીય યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરના ચરેડી છાપરા ખાતે રહેતા ૧૯ વર્ષીય યુવાને ગઈ સાંજે પોતાના છાપરામાં કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટના અંગે મૃતકના ભાઈએ પોલીસને જાણ કરતા સે-૨૧ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

ચરેડી છાપરામાં રહેતા ૧૯ વર્ષીય યુવાન શૈલેષ મોહનભાઈ વાળા ગઈ સાંજે આઠેક વાગ્યાના અરસામાં પોતાના છાપરામાં એકલો હતો ત્યારે કોઈ કારણસોર તેણે ફાંસો ખાઈને જીવન ટુંકાવી દીધું હતું. છાપરાના છતનાએંગલ સાથે દોરી બાંધીને ગળે ફાંસો ખાઈ શૈલેષ લટકી ગયો હતો. આ અંગે પરિવારજનોને જાણ થતા ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા હતાં. મૃતકના ભાઈ રવિ મોહનભાઈ વાળાએ સે-૨૧ પોલીસને ઘટના અંગે જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. જમાદાર ઉદેસિંહે મૃતદેહ પી.એમ.માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

## વાતવાતમાં

● અષાઢી બીજે રથયાત્રાના પવિત્ર તહેવારે વણજોયું મુહુર્ત ગણાય છે. આ પવિત્ર દિવસે વાહનો તથા ટીવી-ફ્રિઝ જેવા ઈલેકટ્રોનિકસ સાધનોના વેચાણમાં ઉછાળા સાથે નવા મકાનોમાં ઘડો મુકવાના પ્રસંગો પણ મોટી સંખ્યામાં યોજાયા હતા.

● કેન્દ્રિય પ્રધાનમંડળમાં સ્થાન મેળવનારા પુરુષોત્તમ રૂપાલા મંગળવારે રાત્રે પોતાના સે-૩ ખાતેના નિવાસસ્થાને ૧૦-૧૨ ગાડીઓના કાફલા અને સાયરન સાથે પહોંચ્યા હતા. આ જોઈ ઘણા નગરજનોએ 'જુઓ હજી તો કાલે જ પ્રધાન બન્યા અને આજે તો કાફલામાં ફરતા થઈ ગયા' જેવી ટીપ્પણીઓ કરતા જોવા મળ્યા હતા.

● રથયાત્રામાં વરસાદી અમી છાંટણા ના થતા નગરજનો નિરાશ થયા હતા. બે દિવસ પહેલા પડેલા વરસાદને કારણે શહેરમાં સાંજના સમયથી પાંખોવાળા મંકોડા સહિત વિવિધ પ્રકારના જીવડાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે.

● મંગળવારે મોડી રાત્રિ સુધી શહેરમાં રમઝાન ઈદની ખરીદીનો માહોલ જામ્યો હતો. જો કે બુધવારે રમઝાન ઈદની રજા હતી પરંતુ ચાંદ છેક સાંજે દેખાતા હવે ઈદ ગુરુવારે ઉજવાશે.

● રથયાત્રા નિમિત્તે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ આગોતરા પગલા લેવાયા હતા. જયાંથી રથયાત્રા પસાર થઈ જાય પછી મનપાના સફાઈ તંત્ર દ્વારા સમગ્ર માર્ગનું સુંદર સફાઈ કાર્ય કરી દેવાતું નજરે ચઢયું હતું.

# ખીસ્સા કાપીને મોબાઈલ ચોરતો રીઢો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એલસીબીની ટીમે છત્રાલ નજીક શાલીમાર હોટલ પાસેથી એક રીઢા મોબાઈલ ચોરને દબોચી લીધો હતો. ચોરીના ૧૧ મોબાઈલ સાથે આરોપી શખ્સની ધરપકડ કરી સઘન પુછપરછ શરુ કરી છે. આરોપીને કલોલ તાલુકા પોલીસને સોંપવામાં આવ્યો છે.



એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબીની ટીમે અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા તજવીજ શરુ કરી છે ત્યારે એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ કલોલના છત્રાલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીને આધારે શાલીમાર હોટલ પાસેથી કડી તાલુકાના અરૂણ કીશન દંતાણી નામના શખ્સને પકડી પાડયો હતો. તેની તપાસ કરતા ૧૧ મોબાઈલો મળી આવ્યા હતા. જે પૈકી એકેયના બીલ કે આધાર પુરાવા ન હોવાથી સઘન પુછપરછ કરતા ચોરીના મોબાઈલ હોવાનું બહાર આવ્યું છે. છત્રાલ, વીસનગર, બહુચરાજી અને કડી વિસ્તારમાંથી ખીસ્સા કાપીને તેણે મોબાઈલો ચોરી કર્યા હોવાની કબુલાત કરી છે. ૧૧ મોબાઈલ રીકવર કરી એલસીબીએ આરોપીને કલોલ તાલુકા પોલીસને સોંપ્યો છે.

### વસુંધા ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સભા તા.૨૪મીએ યોજાશે

ગાંધીનગર, તા.૬

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ. ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા તા. ૨૪મી જુલાઈ રવિવારના રોજ બપોરે એક કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨ ખાતે મળશે. સાધારણ સભા પુરી થયા બાદ તરત જ તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ આમંત્રેલ મહાનુભાવોની હાજરીમાં યોજાશે. જે સભાસદોના બાળકો ઈનામ મેળવવાને પાત્ર હોય તેમણે ફોર્મ મેળવીને તા.૧૫મી જુલાઈ સુધીમાં જમા કરાવવાના રહેશે તેમ પ્રમુખશ્રી, શ્રી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ.એ જણાવેલ છે.

# કલોલ રથયાત્રામાં ટ્રેકટરની ટકકરે બાળકનું મૃત્યુ

## ભાવિકો ભોજન પ્રસાદ લેવા રોકાયા હતા : બાળક પ્રસાદ લઈને બહાર નીકળ્યા ત્યારે રીવર્સ મારતી ટ્રેકટરની ટકકર વાગી સજા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે યોજાયેલી રથયાત્રામાં ૧૧ વર્ષના બાળકનું ટ્રેકટરની ટકકરથી મૃત્યુ થતા રથયાત્રામાં ગમગીની છવાઈ ગઈ હતી. બપોરે યાત્રામાં જોડાયેલા ભાવિકો ભોજન પ્રસાદ લેવા રોકાયા હતા ત્યારે બાળક જમીને બહાર નીકળ્યો અને રીવર્સ મારતી વખતે ટ્રેકટરની ટકકર બાળકનેલાગી જતા બાળકના માથામાં ગંભીર ઈજાઓ થવા પામી હતી અને તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. આ ઘટનાથી રથયાત્રામાં વાતાવરણ ગમગીન બન્યું હતું.

મળતી માહિતી મુજબ કલોલની રથયાત્રા બપોરના અરસામાં પંચવટી વિસ્તારમાં



પહોંચી અને જોયફુલ સ્કુલ ખાતે ભોજન પ્રસાદ લેવા ભાવિકો રોકાયા હતા. શાળામાં ભોજન ચાલી રહ્યું હતું ત્યારે રામનગર વિસ્તારમાં રહેતો ૧૧ વર્ષીય સન્ની ઉર્ફે રણછોડ દિનેશભાઈ પટેલ ભોજન પ્રસાદ લઈને શાળાની બહાર નીકળ્યો હતો. તે વખતે એક ટ્રેકટર ચાલક ટ્રેકટરને રીવર્સ લઈ રહ્યા હતા ત્યારે પાછળથી પસાર થયેલા સન્નીને ટ્રેકટરની ટકકર વાગી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં બાળકનું કમકમાટી ભર્યુ મૃત્યુ નિપજયું હતું. કલોલ પોલીસે ઘટનાની વધુ તપાસ આરંભી છે.

# પેથાપુરના માર્ગો જયરણછોડના નાદથી ગુંજી ઉઠયા

## પેથાપુર સ્વામિનારાયણ મંદિર દ્વારા કરાયેલ રથયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા.૬

આજે અષાઢી-બીજ નિમિત્તે પેથાપુર સ્વામીનારાયણ મંદિર ખાતેથી પરંપરાગત રીતે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળી હતી. પેથાપુર નગરના વિવિધ માર્ગો પર ભગવાન જગન્નાથના દર્શન કરવા મોટી સંખ્યામાં ભાવિ ભકતો દર્શનાર્થે ઉમટી પડયા હતા. નગરના માર્ગો જય રણછોડ, માખણચોરના નારાથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ભકિતભાવ અને કોમી એખલાસના





વાતાવરણમાં રથયાત્રા સંપન્ન થઈ હતી. રથયાત્રામાં હજજારો શ્રધ્ધાળુઓ જોડાયા હતા.

પેથાપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના આંગણે ભગવાન સ્વામિનારાયણ જગન્નાથજી ભગવાન સ્વરૂપે સમગ્ર નગરના માર્ગો પર રથમાં બેસી વ્હાલા ભકતજનોના મનોરથો પૂર્ણ કરવા દર્શન ફર્યા હતા તથા ફણગાવેલા મગ, જાંબુ, ચણા તથા કાકડીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. સંતો દ્વારા મહારાજનો રથ ખેંચવામાં આવ્યો હતો. રથયાત્રામાં વ્હાલા સત્સંગીઓ તેમજ ગ્રામજનો જોડાયા હતા. સમગ્ર રથયાત્રાનું સફળ સંચાલન પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્ર પ્રસાદજીના આજ્ઞાત્મક આર્શીવાદથી પેથાપુરના મહંત સ્વામી ગુરુ સ્વામીએ કર્યુ હતું. ઘનશ્યામ સ્વામી તેમજ પેથાપુરના હરિભકતો દ્વારા સમગ્ર તૈયારી કરાઈ હતી. પેથાપુરના માર્ગો રથયાત્રા દરમિયાન જય રણછોડના નારાથી ગુંજી ઉઠયા હતા.



સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા દર વર્ષે ગરમીની ઋતુમાં ખુલ્લામાં રહેતા શ્રમિકોને વરસાદના આગમન સુધી છાશનું વિતરણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે પણ શ્રમિકોને ચ-૨ વિસ્તાર, સેકટર-૬નું મેદાન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજવાડી સામે, રણછોડજી મંદિર સામેના મેદાનમાં ત્રણ માસ દરમિયાન પાંચ હજાર જેટલા પાઉચનું (૫૦૦ મી.લી.) વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવામાં સર્વશ્રી હસમુખભાઈ શાહ, રસિકભાઈ ગાંધી, ગોપાલભાઈ કોટાઈ, રસિકભાઈ પરીખ, મધુસુદનભાઈ ગાંધી, બીનાબેન કોટાઈ, આશાબેન દોશી તેમજ જશુબેન ઠકકરની સેવાઓ પ્રાપ્ત થઈ હતી તેમ મંત્રીશ્રી જે.એલ. શાહે જણાવેલ છે.

### ચિરવિદાય

- સ્વ. રમેશભાઈ કચરાભાઈ પટેલ, ઉ.વ. ૫૮
- સ્વ. પંકજભાઈ ભલાભાઈ સોલંકી, ઉ.વ. ૬૮
- સ્વ. ઠાકોર લાલાજી વજાજી, ઉ.વ. ૬૫